**<u>ક્રીમીનલ ઈન્કવાયરી નં.૧૨/૨૦૨૬ ના કામે આંક–૧ નીચે હુકમ.</u>**

(૧). આ કામે ફરીયાદીએ નેગો. ઈન્સ્ટ્રુ. એક્ટની કલમ–૧૩૮ ના ગુનાની ફરીયાદ આપેલી છે જે ફરીયાદનું કામ બી.એન.એસ.એસ.ની કલમ–૨૨૩ મુજબ ઇન્કવાયરી હેઠળ રાખવામાં આવેલું છે જે અન્વયે સામાવાળાને નોટીસ કરતા સામાવાળા હાજર થયેલા નથી પરંતુ મેરીટ ઉપર ન્યાયિક નિર્ણય કરવો અદાલતે યોગ્ય માનેલ છે.

(૨) ફરીયાદપક્ષે વિ.વ.શ્રીને સાંભળ્યાં. સામાવાળા હાજર નથી. આંક–૧ ની ફરીયાદ, આંક–૩ ના લીસ્ટના ડોક્યુમેન્ટ માર્ક–૩/૧ થી ૩/૧૨ વંચાણે લીધાં.

(૩) આ કામના ફરીયાદીએ હાલની ફરીયાદ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુનાની ફરીયાદ આપેલી છે. Indian Bank Association and others v. Union of India (2014 AIR SC–2528) ના ચુકાદામાં નામદાર સુપીમ કોર્ટ ધ્વારા આપવામાં આવેલ ડાયરેકશન ધ્યાને રાખતાં ફરીયાદી ધ્વારા હાલની ફરીયાદ સાથે ફરીયાદીનું સોગંદ ઉપરનું વેરીફકેશન રજુ કરેલ છે તથા ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટલ ની કલમ–૧૪૫ (૧) અન્વયેનું ફરીયાદીનું સરતપાસનું સોગંદનામું તેમજ અસલ દસ્તાવેજી પુરાવા પણ રજુ રાખવામાં આવેલ છે તેમજ ના.સુપ્રિમકોર્ટનો સ્યુ મોટો Re: Expiditious Trial Of Cases Under, Section 138 of N.L.Act 1881 ના ચુકાદામાં નામદાર સુપીમ કોર્ટ ધ્વારા આપવામાં આવેલ ડાયરેકશન ધ્યાને રાખતાં, એન.આઈ.એકટની કલમ–૧૩૮ ની જોગવાઈ ધ્યાને લેતા સદર કામમાં જે ચેક આરોપી દ્વારા આપવામાં આવેલ તે ચેક પરત ફર્યાના એક માસમા ફરીયાદીએ આરોપીને ડીમાન્ડ નોટીસ આપવાની હોય અને તે નોટીસ આરોપીને બચાના ૧૫ દીવસમાં જો આરોપી તે નોટીસમાં જણાવેલ ચેકના નાણાં ફરીયાદીને ન ચુકવી આપે તો આ એન.આઈ.એકટની કલમ– ૧૩૮ મુજબનો ગુનો બને છે તેમજ સદર એન.આઈ.એકટના સ્પેશીયલ કાયદાની કલમ–૧૪૨ માં આ પ્રકારના કેસોમાં કોગ્નીઝન્સ લેવાની જોગવાઈ કરવામાં આવેલ છે. સદર ફરીયાદીની ફરીયાદ, લેખીતમાં હોય તથા આ કામના આરોપીને સદર કાયદા મુજબ ચેક પરત ફર્યા બાદ ચેકના નાણાં ચુકવણી સારૂ, ડીમાન્ડ નોટીસ કાયદેસરની મોકલવામાં આવેલ હોય અને તે નોટીસ તેઓને બજવા છતાં ત્યારબાદ ૧૫,દીવસમાં તેઓએ ચેકના નાણાં ફરીયાદીને ચુકાવી આપેલ ન હોય અને તેના એક માસમાં હાલની ફરીયાદ, ના.કોર્ટમાં દાખલ કરવામાં આવેલ હોય ત્યારે સદર કામના આરોપીને પણ સદર કાયદા મુજબ કોગ્નીજન્સ લેતા, પહેલા તેઓનો બચાવ કરવાની

તથા નાણાં ચુકવણી કરવાની તક મળેલ હોય તેમ જણાય છે. ધી ભારતીય નાગરીક સુરક્ષા સહીતા એકટ–૨૦૨૩ ની કલમ–૨૨૩ ધ્યાને લેતા ખાનગી ફરીયાદોમાં આરોપી સામે કોગ્નીઝન્સ,લેતા પહેલા આરોપીને સાંભળવાની તક આપવાની હોય છે પરંતુ સદર કેસ આરોપી સામે એન.આઈ.એકટની–કલમ–૧૩૮ મુજબનો દાખલ કરેલ ખાનગી ફરીયાદ હોય અને ઉપરોકત ચર્ચા કર્યા મુજબ–ફરીયાદીએ ફરીયાદ સાથે વેરીફીકેશન અને સરતપાસનું સોગંદનામું પણ સદર કાયદાની કલમ–૧૪૫, અન્વયે સામેલ રાખેલ હોય ત્યારે આ સ્પેશીયલ એકટના કાયદામાં જે કોગ્નીજન્સ લેવા અંગે જોગવાઈ કરવામા આવેલ છે, તે મુજબ આરોપીને હાલની ફરીયાદ દાખલ કરતા અગાઉ સદર કાયદા મુજબ ડીમાન્ડ નોટીસ બજવા, છતાં પણ તેઓએ નોટીસમાં જણાવ્યા મુજબનું વર્તન કરેલ ન હોય અને રેકર્ડમાં ફરીયાદીએ તેઓની,ફરીયાદના સમર્થનમાં જે દસ્તાવેજી આધારો રજુ રાખેલ છે તે ધ્યાને લેતા આરોપી વિરુધ્ધ ધી નેગોશીએબલ, ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયે પ્રથમ દર્શનીય રીતે ગુન્હો બનતો હોવાનું જણાઈ આવતું હોઈ, ત્યારે કાયદાની ઉપરોકત જોગવાઈઓ ધ્યાને લેતા તથા ના. ઉપરી અદાલતોએ જે ઉપરોકત ચુકાદાઓમાં આ પ્રકારના કેસોમાં લોકોને ઝડપી ન્યાય મળી રહે તથા સદર કાયદાનો ન્યાયનો હેતુ ઝડપથી સિદ્ધ થાય તે સારૂ જે, સિંધ્ધાંતો પ્રસ્થાપિત કરેલ છે, તે તમામ પરીબળો ધ્યાને લેતા સદર આરોપી સામે કોગ્નીઝન્સ લેતા પહેલા, તેઓને સદર કેસમાં સાંભળવા ન્યાયીક જણાતું ન હોય ન્યાયના હીતમાં નીચે મુજબેનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

૧. ફરીયાદીની હાલની ફરીયાદ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ૧૩૮ ના ગુના સબબ ફોજદારી કેસ રજીસ્ટ્રરે લેવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપી સામે ધી. નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ ૧૩૮ અન્વયે મુદત ૨૮–૦૫–૨૦૨૬ ના રોજ નો સમંન્સ કાઢવાનો હુકમ કરવામાં આવે છે. ઈન્કવાયરી **નં.૧૨/૨૦૨૬** નું કામ ફેંસલ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૯ માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ–૦૯–૦૪–૨૦૨૬
સ્થળ – કડી.

(દિપક સૂર્યકાન્ત ડાભી)
એડી.ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ, કડી.
[કોડ નં. જી.જે.–૦૧૦૧૮]